ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૭ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૧૬ ટકા

# શહેરમાં ઘરોમાં હરતી ફરતી સૌને રંજાડતી માખીઓનો ત્રાસ વધ્યો

## ઉનાળામાં ગરમીથી બચવા માટે માખીઓ ઠંડકની શોધમાં ઘરોમાં ઘૂસી રહી છે

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં કાળઝાળ ગરમી પડતી આ ઉનાળાની ઋતુમાં પણ માખીનો ત્રાસ વર્તાઈ રહ્યો છે. શહેરમાં બે દિવસ અગાઉ વરસાદી જાપટુ પડ્યુ ત્યારબાદ માખીઓનો ઉપદ્રવ વધી ગયો છે. ઘરે ઘરે માખીઓ બણબણતી રહી છે. જો કે માખીઓનો ઉપદ્રવ તો સૌથી વધારે ચોમાસામાં જોવા મળે છે પરંતુ શહેરમાં ગરમીની મોસમમાં પણ માખીઓનો ત્રાસ થઈ ગયો છે.

મીઠાસ કે ગળપણની ગંધ પારખીને તરત જ માખીઓ આવી જાય છે. વર્તમાન સીઝનમાં શેરડીના કોલા અને લીંબુ શરબત, બરફના ગોળાવાળી જગ્યાએ માખીઓ બમબણતી જોવા મળી રહી છે. માખીને ગળપણવાળી જગ્યાએ અવશ્ય જોઈ શકાય છે. ત્યારે ઉનાળામાં ગરમી વધી રહી છે તેવામાં ગરમીને સહન ન કરી શકતી માખીઓ ઠંડક મેળવવા માટે ઘરોમાં પગપેસારો કર્યો હોય તેમ લાગી રહ્યું છે. મીઠાસ ઉપરાંત તે ગંદકીની પણ ભારે શોખીન હોય છે. ભૂખરા રંગની માખીઓ જે ઘરના રસોડામાં બણબણતી આજકાલ સર્વત્ર જોવા મળે છે તેનો ઉપદ્રવ વધી ગયો છે. ભોજન સુંઘવા માટે માખીએ એન્ટેના જેવા તેના પગ પર આધાર રાખવો પડે છે. ભોજન ચાખવાનું કામ પણ માખીના પગ જ કરે છે. માખીના માથા પર દુદરતે બે એન્ટેના જેવા અવયવો લગાડેલા છે હવાના પ્રવાહની દિશા બદલાય કે તરત



સાવચેત થઈને માખી પોતાના ઉડ્ડયનને બદલી નાખે છે. નર માખીના માથાની વચ્ચે અને માદા માખીના માથાના ભાગની બંને બાજુ આંખો હોવાથી તે ભયની આગાહી સહેલાઈથી પારખી શકે છે. ખાઉધરી અને નીડર ગણાતી આ માખીઓ ગમે તેવો ભય હોવા છતાં પાછી ફરી ફરીને જ્યાંથી તેને ઉડાડી મુકવામાં આવી હોય ત્યાં જ આવીને બેસે એવી હઠીલી હોય છે. સ્વચ્છતાની દુશ્મન અને પોતાના રૂંવાટીવાળા પગ તથા શરીર પરના ઝીણા વાળ દ્વારા રોગના જંતુઓ પાથરી જતી માખી ભારે સ્ફૂર્તિલી હોય છે. માખીને જોવા માટે મળેલી બે આંખોમાંથી દરેક આંખ ૪૦૦૦ લેન્સ ભેગા કરીને બનાવેલી હોય તેવી હોય છે. એના શરીરમાં હાડકા હોતા નથી. એક જ સેકન્ડમાં તે ૨૦૦ થી વધુ દશ્યો નિહાળી શકે છે. જ્યારે માનવીનું મગજ એક સેકન્ડમાં ફક્ત ૨૪ દશ્યો ઝીલી શકે છે. કોઈ માણસ સાવ નવરો બેઠો હોય તો એવું કહેવાય છે કે નવરો બેઠો માખી મારે છે પરંતુ માખીઓ મારવાનું એટલુ સરળ કે સહેલુ નથી. ડી.ડી.ટી. છાંટવાથી પણ તે નથી મરતી. કારણ કે માખીઓમાં ડી.ડી.ટી.નો પણ સામનો કરી શકાય તેવી ક્ષમતા રહેલી છે. વિદેશોમાં તો માખીઓને નાબૂદ કરવા માટે અનેકવિધ દવાઓ શોધાઈ છે છતાં માખી સામેના જંગમાં માનવીનો વિજય થઈ શક્યો નથી.

# શકિત નિવાસ સેકટર-૫ ખાતે સુંદરકાંડના પાઠ યોજાયા





ગાંધીનગર, તા.૨૪

સ્વ.પ્રદ્યુમનસિંહ કેશરીસિહ બિહોલાની બીજી વાર્ષિક પુણ્યતિથિએ શકિત નિવાસ સેકટર-૫ ગાંધીનગર ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર શહેરના મહાનુભાવો મહાનગર પાલિકાના પુર્વ ડેપ્યુટી મેયર નાજાભાઈ ધાધલ, વર્તમાન ડેપ્યુટી મેયર પ્રેમલસિહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, શહેરના અગ્રણી ઉદ્યોગપતિ અંબુસિહ ગોલ, વૉર્ડ ૮ ના મહાનગર પાલિકાના કોર્પોરેટર છાયાબેન ત્રિવેદી ખાસ પ્રસંગે હાજર રહી દર્શનનો લાભ લીધો હતો.

આ ઉપરાંત ગાધીનગર શહેર વસાહત મહાસંઘના મહામંત્રી રાજેન્દ્રભાઈ પારેખ, ઉપપમુખ પ્રદીપસિહ બિહોલા, જયેશભાઈ આગલા, ચંદ્રકાન્ત સોની, વિઠ્ઠલભાઈ પરમાર, ધીરુભાઈ ચારણ, નરહદાન ગઢવી, ઉપરાંત સેકટર-૫ના અગણીઓ સુરેન્દ્રસિહ વાઘેલા, આર જી દવે, પી વી જેઠવા, મુળસિહ ચાવડા, વિનોદભાઈ ભટ્ટ, મહેન્દ્ર નાઈ, ભરતભાઈ જોષી, નરેશભાઈ પરમાર, અલકેશ પરમાર, બાબુભાઈ દેસાઈ, ભાઈ નાયી, વાસુદેવભાઈ સુથાર, જે કે પટેલ, નટુભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, રસિકભાઈ ગજ્જર અને વસાહતી અગણીઓ કાનજીભાઈ દેસાઈ, વિષ્ણુભાઈ પ્રજાપતિ, જસુભા રાઠોડ, મંગળભાઈ પટેલ, ચંદ્રસિહ મખોડીયા, રામદાન ગઢવી, ભોજાજી બિહોલા તથા સેકટર-૫ ના વસાહતી ભાઈઓ બહેનોએ મોટી સંખ્યામાં સુંદરકાંડ પાઠ ના દર્શનનો લાભ લઈ બીજી વાર્ષિક પુણ્યતિથિ એ સ્વ. પ્રદ્યુમનસિંહ બિહોલાને શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સર્વ ઉપસ્થિત ભાઈઓ બહેનોનો કેશરીસિહ બિહોલાએ પરિવાર વતી આભાર માન્યો હતો.

# આત્મન ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરના અંતિમ ધામ - મુક્તિધામના સેવાકર્મીઓનું સન્માન કરાયું



ગાંધીનગર, તા.૨૪

આત્મન ફાઉન્ડેશન સંસ્થાના સહયોગીઓ દ્વારા સેકટર - ૩૦ ના અંતિમધામ મુક્તિધામની મુલાકાત લઈ ત્યાંના સેવાકર્મીઓને મળી, તેમને નગર વતી વંદન કરવામાં આવ્યાં હતાં. સન્માનના પ્રતીક રૂપે વિક્રમભાઈ પુરબિયાને શાલ ઓઢાડવામાં આવી હતી. સેવાકર્મીઓને અનાજની કીટ તથા પગરખાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુક્તિધામના સેવાકર્મીઓ વિક્રમભાઈ પુરબિયા, ભાવનાબેન પુરબિયા, પ્રકાશભાઈ વાળા, ચંદ્રિકાબેન વાળા, મુકેશભાઈ અને નીરૂબેન વાળા, હિતેશભાઈ અને સોનલબેન વાઘેલાને સાદર વંદન કરવામાં આવ્યાં હતાં.

આત્મનના સહયોગીઓ પ્રજ્ઞાબેન પટેલ, દિનેશભાઈ સંઘાડિયા, પ્રો.ઘેલજીભાઈ ભાટિયા, કિશોરભાઈ પટેલ અને વર્ષાબેન દવે આ સેવાકાર્યમાં જોડાયાં હતાં. મુક્તિધામના મેનેજર વિજયભાઈ ચૌધરી અને ચંદુ કિશોર પણ સાથે રહ્યા હતા. આ સેવા મુલાકાત માટે જિલુભા ધાધલે સરસ સહયોગ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત આ મુક્તિધામ સાચે ઘણું સ્વચ્છ, સુંદર છે. જુદા જુદા દેવ - દેવીઓ, સંતો - ઋષિઓની મૂર્તિઓથી તે શોભાયમાન છે. વૃક્ષોની હરિયાળી આંખ - હૃદયને ઠારે એવી છે. પક્ષીઓની કિલકારી ત્યાં ગુંજતી રહે છે.આત્મનના સહયોગીઓએ આ નિરાળા સેવા કાર્ય માટે ધન્યતા અનુભવી હતી.

## વાવોલ ખાતે સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદોના પરિવારના સન્માનનો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૪

'આઝાદીકા અમૃત મહોત્સવ' કાર્યક્રમ અંતર્ગત વોર્ડ નંબર ૭ વાવોલ ખાતે ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, મહિપત ભાઈ મિસ્ત્રી, ઉર્મિલાબેન પાંડે, કોર્પોરેટર છાયાબેન ત્રિવેદી અને વિનોદભાઈ ઉદેચાની આગેવાની હેઠળ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદોના પરિવારના સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાંસ્કૃતિક સેલના સમ્માનીય વિદ્વાન, કુશલ વક્તા વિનોદ ભાઈ ઉદેચા દ્વારા કરવામાં આવ્યું હતું.

# પીંપળજ ગામે મકાન પર ગેરકાયદેસર કબ્જો જમાવનાર શખ્સ સામે ફરીયાદ

## પેથાપુર પોલીસ મથકે હરીકૃષ્ણ ચંદ્રકાંત જોશીએ લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નવા પીંપળજ ગામે મકાનનો દસ્તાવેજ થઈ ગયો હોવા છતા ગેરકાયદેસર રીતે મકાન પર કબ્જો જમાવી રાખનાર અમરીશ અંબાલાલ જાની સામે પેથાપુર પોલીસ મથકે હરીકૃષ્ણ ચંદ્રકાંત જોશીએ લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાવી છે

રાજકોટ ખાતે રહેતા હરીકૃષ્ણ ચંદ્રકાંત જોશી એ પેથાપુર પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ મુજબ તેમની પત્નીના કૌટુંબીક સંબંધી અમરીશભાઈની પીંપળજ ગામે નવા સર્વે નં.૬૬૯ જમીનમાં ૬૨૪ ફુટનું બે માળનું બાંધકામવાળુ મકાન આવેલુ છે. જયારે સંબંધી હોવાથી અમરીશભાઈએ કહ્યું કે મારે રૂ.૧૨ થી ૧૩ લાખની જરુર છે. જો તમારી પાસે સગવડ હોય તો આપો, તે રૂપીયાની સામે મકાનનો દસ્તાવેજ કરી આપીશ તેમ વાત થઈ હતી. જેથી અમરીશભાઈને ટુકડે - ટુકડે રૂ.૧૧ લાખ ૫૦ હજાર રોકડા આપ્યા હતા. જે રૂપીયાની અવેજ પેટે તા.૧૯-૧૦-૧૮ ના રોજ કિં.રૂ.૧૧,૪૫,૯૦૦ માં સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે હરીકૃષ્ણ ભાઈ અને તેમના પત્નીના નામે દસ્તાવેજ થયો હતો. પીંપળજના મકાનના દસ્તાવેજ થઈ ગયા પછી પંચાયત વેરો ભરેલ છે. મકાન નામે થઈ ગયા પછી કબ્જો લેવા જતા અમરીશ જાનીએ જણાવ્યું કે મારે અન્ય જગ્યાએ રહેવાની સગવડ થઈ ગયા પછી હું તમને મકાનનો કબ્જો સોંપી દઈશ. જેથી સંબંધી થતા હોવાથી થોડા સમય માટે રહેવા માટે હા પાડી હતી. ત્યારબાદ છ માસ બાદ ઘર ખાલી કરવાનું કહેતા ખાલી કર્યું ન હતું. ત્યારબાદ વારંવાર મકાન ખાલી કરવા માટે જણાવતા ખાલી કરતા ન હતા અને કોર્ટ રાહે લડી લેવાની ધમકી આપતા હતા. જયારે ફરીયાદ તેમજ તેમની પત્ની સામે હાલ કોર્ટમાં કેસ પણ કર્યો છે, જે હાલમાં પેન્ડીંગ છે. ત્યારે પીંપળજ ગામની સીમમાં બે માળના મકાન પર ગેરકાયેદસર રીતે કબ્જો જમાવી પચાવી પાડવા માંગતા શખ્સ સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાઈ છે.

## નિર્મોહી આશ્રમ સેક્ટર-૨૫ દ્વારા સેવા વસ્તીમાં ભરપેટ ખીચડી તથા છાશનું વિતરણ




ગાંધીનગર, તા.૨૪

નિર્મોહી આશ્રમ સેક્ટર-૨૫ દ્વારા રવિવારે સેવા વસ્તી સેક્ટર-૨૪માં ભરપેટ ખીચડી તથા છાશનું વિતરણ જાણીતા એડવોકેટ, બ્રહ્મ અગ્રણી અશ્વિનભાઈ ત્રિવેદી, જાણીતા પત્રકાર મુકેશ પંડ્યા તેમજ અન્ય સેવાભાવી કાર્યકરો દ્વારા કરવામાં આવ્યું હતું. છેલ્લા ચાર વર્ષ કરતાં પણ વધારે સમયથી દર રવિવારે નિયમીત પણે આશ્રમના કાર્યકરો પોતાનો કિંમતી સમય અને પૈસા ખર્ચીને સમાજના ગરીબવર્ગને પેટનો ખાડો પુરીને નિયમીતપણે સેવા કરી સમાજને કંઈક અર્પણ કર્યાનો નિર્દોષ આનંદ અને સંતોષ મેળવે છે.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સેક્ટર-૭ સી ખાતે મોટી સંખ્યામાં ભાવિ ભક્તોની ઉપસ્થિતિમાં આનંદનો ગરબો યોજાયો હતો.

## દાંડિ કુટિર સંગ્રહાલય ગાંધીનગર ખાતે પદ્મશ્રી આગસ ઈન્દ્ર ઉદયનની મુલાકાત




ગાંધીનગર, તા.૨૪

પુરાતત્વ અને સંગ્રહાલય ખાતુ, રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ, હસ્તકના દાંડિ કુટિર સંગ્રહાલય ખાતે તારીખ ૨૨-૪-૨૦૨૨ના રોજ દાંડી કુટિર સંગ્રહાલયની મુલાકાત લીધી હતી. પદ્મશ્રી આગસ ઈન્દ્ર ઉદયન, સમાજ સેવામાં યોગદાન માટે ૨૦૨૦માં પદ્મશ્રી એનાયત થયેલ હતો. તેમનો ઈન્ડોનેશિયામાં ગાંધીવાદી વિચારધારાને પ્રોત્સાહન આપી તેમજ તેમણે બાલી અને લોમ્બોકમાં ચાર આશ્રમોની સ્થાપના કરેલ છે. આ આશ્રમો ગાંધીવાદી વિચારધારા અહીંસા, માનવતા, સત્યના સિધ્ધાંતો પર કાર્યરત છે.

# શહેરમાં ૧૨૦ જેટલા કોલામાંથી ૭૦૦૦ ગ્લાસ શેરડીના રસનું સેવન

## શેરડીના ભાવ વધતા એક ગ્લાસનો ભાવ ૨૦ રૂપિયા : ગત વર્ષે ૧૫ રૂપિયા ભાવ નોંધાયો હતો







ગાંધીનગર, તા.૨૪

શહેરમાં ઉનાળાની અંગ દઝાડતી ગરમીથી બચવા માટે શહેરીજનો શરીરને ડી-હાઈડ્રેશનથી રક્ષણ મેળવવા માટે શેરડીના રસનું સેવન કરી રહ્યા છે. એપ્રિલ માસમાં જોઈએ તો ગાંધીનગરમાં શેરડીના રસનુંખૂબ સેવન થઈ રહ્યું છે. ગાંધીનગરમાં શેરડીના રસના ૧૨૦ કોલા છે. જેમાં દૈનિક ૬૦ ગ્લાસ શેરડીનો રસ પીવાઈ રહ્યો છે જેમ જેમ ગરમી વધી રહી છે તેમ તેમ આ આંકડો પણ વધશે તેમ શેરડીના રસનો વ્યવસાય કરતા વેપારીઓનું કહેવું છે. ત્યારે તાજેતરમાં ઉનાળાના આ દિવસોમાં શહેરીજનો દરરોજના ૭૦૦૦ ગ્લાસથી વધુ શેરડીના રસનું સેવન કરી રહ્યા છે.

ગાંધીનગરમાં સેકટરે સેકટરે શેરડીના રસના કોલા જોવા મળી રહ્યા છે. ત્યારે આ વર્ષે મોંઘવારીનો માર દરેક ધંધા પર પડી રહ્યો છે તેવામાં શેરડીના ભાવમાં વધારો નોંધાતા આ વખતે શેરડીના રસનો ભાવ ૧૫ રૂપિયાનો બદલે ૨૦ રૂપિયા થયો છે. ૨૦ કિલો એટલે કે ૧ ભારો શેરડીનો ભાવ ૧૮૦ રૂપિયાથી ૨૦૦ રૂપિયા છે. જે ગયા વર્ષે એક ભારો શેરડીનો ભાવ ૧૫૦ રૂપિયા હતો.

પેટ્રોલ-ડિઝલના ભાવ વધવાથી શેરડીના ભાવમાં વધારો થયો છે. જો કે ઉનાળાની ગરમીમાં ના છૂટકે શહેરીજનોને શેરડીના રસનું સેવન કરવું પડી રહ્યું છે. કારણ કે નોકરી-ધંધાવાળા વર્ગને કાળઝાળ ગરમીમાં ઘરની બહાર નીકળવું પડતું હોય છે તેથી ગરમીથી રાહત મેળવવા માટે શેરડીના રસનું સેવન કરવું જરૂરી બને છે. શહેરીજનો પોતાના સ્વાસ્થ્યની કાળજી રાખવા માટે કોલ્ડ્રીંકસના સેવન ઓછા કરી ફળફળાદી, જયુસ અને શેરડીના રસ જેવા કુદરતી પીણાનું સેવન કરવાનું પસંદ કરી રહ્યા છે. જે સ્વાસ્થ્ય માટે પણ લાભદાયી રહે છે.

શહેરમાં દરેક શેરડીના કોલા ઉપર ગ્રાહકોની ભીડ જોવા મળે છે. શહેરમાં માર્ગો પર અવરજવર કરતા શહેરીજનો દિવસમાં એક વખત શેરડીના રસનું સેવન કરવાનું ચુકતા નથી એટલે શેરડીના રસવાળા વેપારીઓના બિઝનેસમાં તેજીનો માહોલ છે. આ સાથે સિઝનલ ધંધાઓમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઉનાળામાં ગરમીને ભગાડવા માટે કુદરતી ઠંડા પીણામાં મોખરે આવે છે શેરડી. શેરડીમાં કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, કેલ્શિયમ, ફોસ્ફરસ, આયરન જેવા લોહતત્વો મળી રહે છે સાથે વિટામીન ઈ અને વિટામીન બી કોમ્પ્લેક્ષ હોય છે. શેરડીમાં ફેટનું પ્રમાણ બિલકુલ નથી હોતું. તેમાં ૩૦ ગ્રામ જેટલી કુદરતી ખાંડ મળે છે એક ગ્લાસ શેરડીના રસમાં ૧૩ ગ્રામ જેટલું ફાઈબર હોય છે તેથી શેરડીના રસનો ભરપુર ફાયદો હોવાથી શહેરીજનો દરરોજ ઉનાળાના દિવસોમાં તેનું સેવન કરવાનું પસંદ કરી રહ્યા છે.

## જન્મદિને વધામણી



ફૈઝાન ખાન

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. દેવરે તારામતી પ્રમોદચંદ્ર, ઉ.વ. ૭૨, સેકટર-૨૨
- સ્વ. સીલ અલીમકુમાર, ઉ.વ. ૬૧, સેકટર-૨૨
- સ્વ. ઠાકોર ધુળીબેન પોપટજી, ઉ.વ. ૬૫, હાલીસા, દહેગામ
- સ્વ. વાઘેલા રમેશભાઈ રામજીભાઈ, ઉ.વ. ૫૪, સે-૩૦, છાપરાં